# હિંમતનગરની સર્વોદય નાગરિક સહકારી બેંક દ્વારા સાયકલોથોન સાયકલ રાઈડનો કાર્યક્રમ યોજાયો




હિંમતનગર,તા. ૨

હિંમતનગરમાં સર્વોદય નાગરિક સહકારી બેંક લી. દ્વારા હેલ્થ અવેરનેસ અનુસંધાનમાં સાયકલોથન સાયકલ રાઈડનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો

આજના આ યુગ માં ખાધા ખોરાકી અને ફારહુડના શોખને લઈને લોકોનું સ્વાથ્ય બગડતું જઈ રહ્યું છે તે અંગે લોકોને અવેરનેસ આવે તે માટે સાયકલોથોન સાયકલ પરેડનું આયોજન દરેક જગ્યાએ કરાવી રહ્યું છે તેવી જ રીતે હિંમતનગરની સર્વોદય નાગરિક સહકારી બેંક ધ્વારા ફીટ ઈન્ડિયા મુમેન્ટ અંતર્ગત ૫(પાંચ) કિલોમીટર ની સાયકલોથોન નો કાર્યક્રમ રવિવારે સવારે ૦૮:૩૦ કલાકે રાખવામાં આવ્યો હતો.

જેમાં સર્વોદય બેંક થી લઈ આર.ટી.ઓ. ઓફીસ સુધી અને આર.ટી.ઓ. ઓફીસ થી પાછા સર્વોદય બેંક સુધી યોજવા માં આવ્યો હતો. જેમાં ૧૦૦ થી ૧૨૦ રાઈડર ને ભાગ લીધો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પટણીસુન્ની જમાતના પ્રમુખ યુસુફભાઈ ચાંદનીવાલા, સર્વોદય બેંક ના ચેરમેન કાદરભાઈ હરસોલીયા, એમ.ડી. મકબુલભાઈ ડોઈ, વિખ્યાત સાયકલીસ્ટ મેહુલભાઈ જોષી (ટુ ગેધર કલબ) તથા ઈરફાનભાઈ મોડાસીયાના આયોજન હેઠળની સાથે બેંકના તમામ ડિરેક્ટરો ઉપસ્થિત રહ્યા હતા.

# બાયડના રાજુભાઈ પુરોહીતની ગુજરાત બ્રહ્મ સમાજના પ્રદેશ સંગઠન મંત્રી તરીકે પસંદગી

## બાયડ સહિત જિલ્લાના બ્રહ્મ સમાજમાં ખુશીનો માહોલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

બાયડના રાજુભાઈ એમ. પૂરોહીત(હોટલ પુરોહીતવાળા)ની શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ(રાજ્ય કક્ષા) દ્વારા સમાજ પ્રત્યેની નિષ્ઠા, કાર્ય કુશળતા અને સમાજ સાથેની અત્યાર સુધીની લાગણીને ધ્યાને રાખી પ્રમુખ ભરતભાઈ રાવલ, મહામંત્રી ડૉ.યજ્ઞેશ દવે દ્વારા તેમની આગામી ૨ વર્ષ માટે સંગઠન મંત્રી તરીકે પસંદગી થતાં બાયડ સહિત જિલ્લાના બ્રહ્મ સમાજમાં ખુશીનો માહોલ છવાયો છે તેમની વરણીને ફુલડે વધાવાઈ રહી છે.




દરેક સમાજમાં સંગઠન મહત્વનું હોય છે. બાયડ શહેરમાં વસતા બ્રહ્મ સમાજનું એક આગવું સંગઠન ઉભું કર્યા પછી સંગઠન દ્વારા સમાજ ઉત્થાન અને સમાજના બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવે તેવા પ્રયાસો શરૂ કરાયા છે. જેમાં રાજુભાઈ એમ. પૂરોહીતની વર્ષોથી પ્રમુખ ભૂમિકા રહી છે. અદના વ્યક્તિને મદદરૂપ થવાના સ્વભાવના કારણ તેઓ સમગ્ર જિલ્લામાં ખ્યાતનામ છે. જ્યારે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ(રાજ્ય કક્ષા)ના વિવિધ સંમેલનો અને કાર્યક્રમોમાં તેમની સતત હાજરી અને સમાજ દ્વારા સોંપવામાં આવતા દરેક કામને યોગ્ય રીતે પૂર્ણ કરવાની ધગશની સંગઠન દ્વારા ઉમદા નોંધ લઈ તેમની આગામી ૨ વર્ષ માટે પ્રદેશના સંગઠન મંત્રી તરીકે નિયુક્તિ થતાં બાયડ તાલુકાને અનોખું ગૌરવ પ્રાપ્ત થયું છે.

# જન્મદિને વધામણી



ધ્રુવા પરેશભાઈ પટેલ
વિજયનગર જિલ્લો સાબરકાંઠા



નરેન્દ્રભાઈ ચુનીલાલ પટેલ
અમદાવાદ



પ્રકાશ ભાવસાર
મોડાસા



પ્રતીક બિપીનચંદ્ર સોની
બાયડ જીલ્લો અરવલ્લી

# થર્ટી ફસ્ટની ઉજવણીમાં દારુ પીધેલાઓનો પોલીસે નશો ઉતાર્યો

## શામળાજી સરહદે થર્ટી ફસ્ટની ઉજવણી કરી પરત ફરતા ૨૦ થી વધુ પીધેલા પકડાયા : શામળાજી સરહદની પેલે પાર હોટલોમાં ગુજરાતી નબીરાઓની ભીડ ઉમટી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

શામળાજીની પેલે પાર રાજસ્થાનની હોટલોમાં નવા વર્ષની દારુ ઢીચીને ઉજવણી કરી પરત ફરતા ૨૦ થી વધુ પીધેલા રતનપુર સરહદે પોલિસના હાથે પકડાઈ જતાં લોકઅપમાં ધકેલી દેવામાં આવ્યા હતા. પોલિસે દારૂના નશામાં ચકચૂર નબીરાઓ સામે ગુન્હો નોંધી તમામના કોવિડ ટેસ્ટ કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલિસે થર્ટી ફસ્ટને ધ્યાનમાં રાખી સરહદે અગાઉથી ચુસ્ત બંદોબસ્ત ગોઠવતાં દારૂના નશામાં ચકચૂર નબીરાઓનો પોલિસને જોતાં જ નશો ઉતરી ગયો હતો. જ્યારે દિવસ દરમ્યાન શામળાજી સરહદની પેલે પાર રાજસ્થાનની હોટલોમાં ગુજરાતી નબીરાઓની ડીંક પાર્ટી માટે ભીડ ઉમડતાં હોટલો ઉભરાઈ હતી.

**પકડાયેલા પીધેલા નબીરા**

યશ ધર્મેન્દ્રભાઈ વખારીયા, રહે. હિંમતનગર
ચિરાગ હેમંતભાઈ ચૌધરી, રહે. છાલા, ગાંધીનગર
રોહીત રમેશભાઈ પ્રજાપતિ, રહે. રાયકાનગર, હિંમતનગર,
ધવલસિંહ જશુસિંહ રાઠોડ, રહે. વાસણા, દહેગામ
વસંતસિંહ રામસિંહ મકવાણા, રહે. ઉછા, પ્રાંતિજ
જીગર રશ્મિકાન્ત બારોટ, રહે. મહાવીરનગર, હિંમતનગર
પિયુષ ટપુભાઈ ડોડિયા, રહે. ઉમેયા, રાપર
અલ્પેશ પેથાભાઈ ચૌધરી, રહે. કાંકરેજ, બનાસકાંઠા
રાકેશ કાળભાઈ ભઈ, રહે. નાના દવેના મુવાડા, લુણાવાડા,
ધર્મેન્દ્રસિંહ ભગાજી ગોહિલ, રહે. ઉમેયા, રાપર
મંથન બચુભાઈ પટેલ, રહે. દરિયાપુર, અમદાવાદ
રાકેશ કૃષ્ણકુમાર ચૌહાણ, રહે. ઓઢવ, અમદાવાદ
દેવારામ કાનજીભાઈ કટારા, રહે. સલમ્બર
સોનુકુમાર અરવિંદભાઈ ઉર્મી, રહે. સીટીએમ, અમદાવાદ
હરેશ જગદીશભાઈ યાદવ, રહે. ઓઢવ, અમદાવાદ
ટીકસિંહ પ્રદિપસિંહ રાજપૂત, રહે. સીટીએમ, અમદાવાદ
અમીતકુમાર મોહનભાઈ સ્વામી, રહે. લોસણ, વડોદરા
અલ્પેશસિંહ રઘુસિંહ રાઠોડ, રહે. કુષ્ણનગર, અમદાવાદ
જીતેન્દ્ર કેશવલાલ પટેલ, રહે. દવાવ તા.વિજયનગર

દર વર્ષે શરુ થતાં અંગ્રેજી મહિનાના નવા વર્ષની ઉજવણીમાં વિદેશી દારૂની રેલમછેલ થતી હોય છે. પોલિસ દ્વારા થર્ટી ફસ્ટ ડિસેમ્બરે ખાસ નાકાબંધી તેમજ પેટ્રોલિંગ કરવામાં આવતું હોવા છતાં જિલ્લામાં ડ્રીંક પાર્ટીઓના આયોજન થતાં હોય છે. જ્યારે કેટલાંક નબીરાઓ તો રાજસ્થાન સરહદની હોટલોમાં રંગીન પાર્ટીઓ કરવા માટે જતાં હોય છે જેથી પોલિસ દ્વારા રાજસ્થાન સરહદે ખાસ સુરક્ષા પ્રબંધ ગોઠવાય છે. ગતરોજ થર્ટીફસ્ટ ડિસેમ્બર હોવાથી શામળાજી પોલિસ સવારથી રતનપુર સરહદે સ્ટેન્ડ ટુ રહી હતી જેમાં પીધેલાઓ ઉપર ખાસ વોચ રાખવામાં આવતાં રાજસ્થાનમાં નવા વર્ષની ઉજવણી કરી દારૂના નશામાં વાહન લઈ જિલ્લાની સરહદે પ્રવેશતાં ૨૦ થી વધુ નબીરાઓને પોલિસે ઝડપી લોકઅપમાં ધકેલ્યા છે. પોલિસ દ્વારા પીધેલી હાલતમાં નબીરાઓને પકડવામાં આવતાં સરહદે એક તબક્કે ઉત્તેજના સભર દ્રશ્યો સર્જાયા હતા. કેટલાંકે તો છૂટવા માટે પોલિસ ઉપર રોફ જમાવાનો પ્રયાસ કર્યો પરંતુ કડકાઈ દાખવવામાં આવતાં દારુડીયાઓની શાન ઠેકાણે આવી હતી.

# મેઘરજમાં શાતીર દિમાગ બહેનોએ નિવૃત ઈન્કમટેક્સ કર્મચારીનું એ.ટી.એમ., સીમકાર્ડ મેળવી રુ.૪.૧૫ લાખ ઉસેડયા

## સગી બહેનોએ ઠગાઈ માટે સગાંને નિશાન બનાવ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

મેઘરજ તાલુકાના બોરસી ગામે ખાંટ પરીવારની સગી બહેનોએ ઈક્મ ટેક્ષ વિભાગના નિવૃત કર્મચારી સગાના એટીએમ અને મોબાઈલ સીમકાર્ડ મેળવી ફોન છે તેમજ યુપીઆઈ આઈડીથી ટ્રાન્ડેશન દ્વારા રુ.૪.૧૫ લાખની રોકડ રકમ ઉસેડી લેતા પોલિસ ફરીયાદ થઈ છે. શાતીર દિમાગ બહેનોએ સગાંને નિશાની બનાવી છેતરપીંડી આચારતાં આ મુદ્દો ટોક ઓફ ધ ડિસ્ટ્રીક્ટ બની રહ્યો છે.

- પોલિસ સુત્રોએ આપેલી જાણકારી મુજબ તાલુકાના બોરસી ગામના અમૃતભાઈ ખોખરીયા મુંબઈ એરપોર્ટ ઉપર સી.આઈ.એસ.એફ.ની ફરજ બજાવી રહ્યા છે જ્યારે તેમના પિતા મણીલાલ ખોખરીયા નિવૃત્ત ઈક્મ ટેક્ષ કર્મચારી હોવાથી તેમના બેક્ર ખાતામાંથી રોકડ રકમ બારોબાર ઉસેડી લેવાના આશય સાથે દૂરના સગાની દિકરી માયા અરવિંદભાઈ ખાંટ અને હેતલ અરવિંદભાઈ ખાંટ એ કાવતરું રચ્યું જેમાં તા.૧૫-૦૬-૨૧થી તા.૦૩-૦૭-૨૧ના સમયગાળામાં ખોખરીયા પરીવારની પુત્રી કુષ્ણાને વિશ્વાસમાં લીધી જેમાં મણીલાલ ખોખરીયાના બેક્ર એકાઉન્ટનું એટીએમ તેમજ બેક્રમાં આપેલ મોબાઈલ નંબરનું સીમકાર્ડ મેળવી પોતાના ફોનમાં તે નાખી ફોન પે દ્વારા રુપિયા ૩,૨૫,૦૦૦ નું ટ્રાન્જકશન બારોબાર કરી લીધુ જ્યારે સી.આઈ.એસ.એફ.માં ફરજ બજાવતાં અમૃતભાઈના પુત્રો પાસેથી પણ આજ પ્રકારે એટીએમ કાર્ડ મેળવી રૂ.૯૦,૦૦૦ની રોકડ ચાલાકી પૂર્વક ઉપાડી લીધી હતી. બંને સગી બહેનોએ ખોખરીયા પરીવારના બેક્ર ખાતામાંથી કુલ રુ.૪, ૧૫,૦૦૦ની રોકડ રકમ ઉસેડી છેતરપીંડી આચરતાં પોલિસ ફરીયાદ થઈ છે. બનાવ અંગે અમૃતભાઈ ખોખરીયાની ફરીયાદ આધારે મેઘરજ પોલિસે છેતરપીંડી તેમજ વિશ્વાસઘાતનો ગુન્હો નોંધ્યો છે.

# પ્રાંતિજ ખાતે સાડા ત્રણ કરોડથી વધારે મિલ્કત વેરા બાકીદારો છતાંય પાલિકાએ એક બંધ મિલ્કતને સીલ મારી સંતોષ માન્યો

## એક લાખ થી દોડ લાખ ઉપરના વેરા બાકીદારોની લાંબી યાદી છતાંય ૨૬ હજાર વેરા બાકીદારને સીલ મારી સંતોષ માણ્યો : પ્રાંતિજ પાલિકા મોટા મિલ્કત બાકીદારોને છાવરતા હોવાનો આક્ષેપ

પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે સાડા ત્રણ કરોડ થી પણ વધારે મિલકત વેરો બાકીદારો ની યાદી છતાંય પ્રાંતિજ પાલિકા દ્વારા માત્ર એક બંધ દુકાન ને સીલ મારી સંતોષ માણ્યો

પ્રાંતિજ નગર પાલિકા મા સાડા ત્રણ કરોડ થી પણ વધારે મિલકત વેરો વિવિધ મિલ્કત ગ્રાહકો નો બાકી હોય જેને લઈ પ્રાંતિજ પાલિકા દ્વારા માત્ર એક બંધ દુકાન ને સીલ મારી સંતોષ માણ્યો હતો તો પ્રાંતિજ પાલિકા મા ૧ લાખ થી દોડ લાખ ઉપર ના કેટલાય મિલ્કત બાકીદારો છે અને કેટલીક મિલ્કતો તો કમાઉ છે ત્યારે પ્રાંતિજ નગર પાલિકા દ્વારા હાલતો માત્ર ૨૬ હજાર નો મિલ્કત વેરો બાકી હોય બધ મિલ્કત ને સીલ મારી મોટો એવોર્ડસ હાસલ કર્યો હોય



તેમ જણાઈ આવે છે ત્યારે પ્રાંતિજ પાલિકા મા છેલ્લા બે ત્રણ વર્ષ થી વેરા ના ભરેલ હોય તેવા અનેક મોટા મિલ્કત ગ્રાહકો ની લાંબી યાદી છે પણ પ્રાંતિજ પાલિકા દ્વારા વેરા વસુલ કરવા તેવા મિલ્કત બાકીદારો ને એક પણ નોટિસ આપવામા આવી નથી તો માત્ર ૨૬ હજાર બાકી બંધ મિલ્કત નો વેરો બાકી હોય તેની ઉપર અચાનક પ્રાંતિજ પાલિકા દ્વારા સિલ મારવામા આવતા નગરમા અનેક ચર્ચાઓએ જોર પકડયુ છે ત્યારે પાલિકા ની વ્હાલા દોલા નિતી ને લઈ ને નગરજનો મા પાલિકા સામે રોષ જોવા મલ્યો છે અને નગર ના વિકાસ માટે મોટા બાકીદારો ની મિલ્કતો પણ સીલ કરી તેવો પાસેથી પણ મિલ્કતો ના વેરા વસુલાત કરવામા આવે તેવી માંગ ઉઠવા પામી છે ત્યારે પ્રાંતિજ પાલિકા દ્વારા હાલતો એક લાખ થી દોડ લાખ સુધીના મિલ્કત વેરા બાકીદારો સામે એક્શન લેવાશે કે કેમ એતો હવે જોવુ રહ્યુ.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

# તલોદના કરમીપુરાની સગીરાને ભગાડી જતા પિતા દ્વારા પોલીસ ફરિયાદ કરી

પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ધોરણ-૧૧મા અભ્યાસ કરતી સગીરા ને કોઈ અજાણ્યો ઈસમ ભગાડી જતા સગીરા ના પિતા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અજાણ્યા ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી.

તલોદ ના કરમીપુરા ની સગીરા પ્રાંતિજ ખાતે આવેલ કન્યા છાત્રાલય મા છેલ્લા બે વર્ષ થી રહીને સગીરા પ્રાંતિજ ખાતે આવેલ હાઈસ્કુલ મા ધોરણ-૧૧મા અભ્યાસ કરતી હતી અને છાત્રાલયથી તે સાડા સાતેક વાગ્યે સ્કુલ મા ગયેલ હતી અને મોડે સુધી છાત્રાલય મા પરત ના ફરતા છાત્રાલય ના સંચાલક દ્વારા ફોન કરી સગીરા ના પિતા ને જાણ કરી હતી તો સગીરા ના પિતા દ્વારા સ્કુલ મા તેના ક્લાસ ટીચર ને પુછતા તેવોએ જણાવાયુ કે તે સ્કુલ માજ આવેલ નથી જેથી સગીરા ના પિતા અને મોટી બેન પ્રાંતિજ ખાતે દોડી આવી પ્રાંતિજ સહિત આજુબાજુ મા તપાસ કરતા સગીરા ના મલી આવતા આખરે દિકરી ના પિતા દ્વારા પોતાની દિકરી ૧૬ વર્ષ ૨ માસ અને ૪ દિવસ ની દિકરીને કોઈ અજાણ્યો માણસ લલચાવી ફોસલાવી અપહરણ કરી ભગાડી જતા દિકરીના પિતા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અજાણ્યા ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરી

# હિંમતનગરના ચેક રિટર્ન કેસમાં મેઘરજના ઈપલોડા ગામના શખ્સને ૬ મહિનાની કેદની સજાનો હુકમ

પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની થર્ડ એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ કોર્ટે હિંમતનગરના એક ચેક રિટર્ન કેસમાં આરોપી મેઘરજના સુરેશ ડામોરને ૬ મહિનાની સાદી કેદ તેમજ ચેકની રકમ રૂપિયા ૩,૦૭,૦૫૪ ફરિયાદીને ચૂકવવા હુકમ કર્યો છે

**હિંમતનગરના ત્રીજા એડી.ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ બ્રહ્મભટ્ટની કોર્ટનો ચુકાદો : આરોપી ચેકની રકમ ભરવામા કસૂર કરે તો વધુ ત્રણ મહિનાની સાદી કેદની સજા કરવાનો હુકમ**

કેસની વિગત મુજબ મેઘરજના ડામોરફળી ઈપલોડાના ડામોર સુરેશભાઈ શનાભાઈએ હિંમતનગર સ્થિત ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાયનાન્સ કંપનીમાથી સુપરકેરી ગાડી માટે લોન લીધી હતી.જે બાકી લોનની રકમ પેટે ?. ૩,૦૭,૦૫૪નો એ.યુ. સ્મોલ ફાઈનાન્સ બેંક - હિંમતનગર શાખાનો તા. ૮/૧/૨૦૨૧નો ચેક ફાઈનાન્સ કંપનીને આપ્યો હતો. જે ચેક બેંકમાં ભરતાં તા.૧૭/૧/૨૦૨૦ના રોજ અપૂરતાં ભંડોળના શેરા સાથે પરત ફરતાં ત્રીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી.જે કેસ સદર કોર્ટમાં ચાલતાં ફાઈનાન્સ કંપનીના વકીલ મો.શાહિદ એમ.મુન્શીની દલીલો ગ્રાહ્ય રાખી ત્રીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ નિતિનકુમાર અમૃતલાલ બ્રહ્મભટ્ટે આરોપી સુરેશ શનાભાઈ ડામોરને ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટ ની કલમ ૧૩૮ મુજબ દોષિત ઠેરવી ૬ મહિનાની સાદી કેદ તેમજ આરોપીને ચેકની રકમ ભરવામાં કસૂર કરે તો વધું ત્રણ મહિનાની સાદી કેદની સજા કરવાનો હુકમ કર્યો હતો

## રાજ્યના શિક્ષણ મંત્રીના જિલ્લામાં શિક્ષણની સુવિધાઓનો અભાવ

# પાલનપુરના ખસા પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ વચ્ચે બાળકોનો અભ્યાસ

## સ્કૂલના જર્જરિત ઓરડાનું સમાર કામ નહી થાય તો તાળાબંધી કરવાની ચીમકી અપાઈ

પાલનપુર તા. ૨

ગુજરાતની ગતિશીલ સરકાર દ્વારા સૌ ભણે સૌ આગળ વધે ના દાવા કરવામાં આવી રહ્યા છે ત્યારે આ દાવા પોકળ સાબિત થઈ રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના શિક્ષણ મંત્રી પોતે રાજ્ય સરકાર માં મહત્વનું સ્થાન ધરાવતા હોવા પોતાના જ જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં બાળકો ને ભણવા માટે છત નથી મળતી.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોશી પાલનપુર નો અહેવાલ વધુમાં જણાવે છે કે, પાલનપુર તાલુકાના ખસાં પ્રાથમિક શાળામાં છેલ્લા બે વર્ષથી શાળાઓમાં ઓરડાઓ જર્જરિત થતાં બાળકોને અભ્યાસ કરવામાં મુશ્કેલીઓ પડી રહી છે અને જીવનું જોખમ તોળાઈ રહ્યું છે ત્યારે ગામના જાગૃત નાગરિકો તેમજ સરપંચ દ્વારા ૨૦૧૮ થી લઈને આજદિન સુધી ડેમેજ ઓરડા ના બાંધકામ માટે અનેક રજુઆત કરવામાં આવી છે.



પરંતુ આજદિન સુધી વહીવટી તંત્ર તેમજ શિક્ષણ વિભાગ દ્વારા તેનો કોઈ પ્રત્યુત્તર આપવામાં આવ્યો નથી ત્યારે આ શાળામાં ધોરણ ૧ થી ૮ના ૨૩૨ થી વધુ બાળકો અભ્યાસ કરે છે શાળા ના પાંચ ઓરડા તોડી પાડવામાં આવ્યા છે. અને ચાર ઓરડા ડેમેજ હાલતમાં જોવા મળ્યા છે. આ ઓરડા ગમે તે સમયમાં પડી શકે છે અને બાળકોના જીવનું જોખમ તોળાઈ રહ્યું છે જેથી ગામના જાગૃત નાગરિકો દ્વારા આવનાર સમયમાં શાળાના ઓરડાનું કામકાજ કરવામાં નહીં આવે તો શાળાને તાળાબંધી કરવામાં આવશે અને બાળકોના ભણતર સમયે જો બાળકોના સ્વાસ્થ્યને અથવા તેમના જીવને જોખમ ને નુકશાન થાય તો તેની તમામ જવાબદારી વહીવટી તંત્ર તેમજ શિક્ષણ વિભાગની રહેશે અને જો આવનારા સમયમાં આ સમસ્યાનું સમાધાન કરવામાં નહીં આવે તો શાળાને તાળાબંધી કરી ગાંધીજીના માર્ગે આંદોલન કરવાની ચીમકી આપી છે

# ધનસુરા ખાતે ગાયત્રી પરિવાર ધનસુરા દ્વારા ૯ જાન્યુઆરીએ સત્યનારાયણની કથાનું આયોજન

ધનસુરા, તા. ૨

ગાયત્રી પરિવાર ધનસુરા ધ્વારા ૯ જાન્યુઆરી એ સત્ય નારાયણ કથા નુ આયોજન કરવામાં આવ્યું છે આ કાર્યક્રમ તારીખ ૯/૧/૨૦૨૨ ને રવિવારે સવારે ૭/૩૦ કલાકે રાખેલ છે. આ કાર્યક્રમ નું આયોજન ગાયત્રી પરિવાર ધનસુરા તથા ગાયત્રી શક્તિપીઠ બાયડ દ્વારા કરવામાં આવ્યું છે જેમાં કથાકાર આદ.શ્રી ચંદ્રકાંતભાઈ પંડ્યા (ગાયત્રી પ્રજ્ઞાપીઠ, લીલછા તા. ભિલોડા) ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ ઉમિયા સમાજવાડી, ધનસુરા ખાતે યોજાશે જેને લઈને ગાયત્રી પરિવાર દ્વારા આયોજન કરવામાં આવી રહ્યું છે જેને કથા મા બેસવાની ઈચ્છા હોય તો નીચે જણાવેલ વ્યક્તિ નો સંપર્ક કરવા વિનંતી છે મુકેશભાઈ.જે.શાહ મો નંબર - ૯૪૨૭૮૮૪૦૪૮, દિલીપભાઈ.જે. પટેલ મો નંબર- ૯૪૨૬૩૮૦૪૬૨